




**IPL 2026** આજની મેચ | KKR Vs PBKS ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: કોલકાતા

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RCB | 2 | 2 | 0 | 0 | 4 | 2.501 |
| RR | 2 | 2 | 0 | 0 | 4 | 2.233 |
| DC | 2 | 2 | 0 | 0 | 4 | 1.170 |
| PBKS | 2 | 2 | 0 | 0 | 4 | 0.637 |
| SRH | 3 | 1 | 2 | 0 | 2 | 0.275 |
| MI | 2 | 1 | 1 | 0 | 2 | -0.206 |
| LSG | 2 | 1 | 1 | 0 | 2 | -0.542 |
| GT | 2 | 0 | 2 | 0 | 0 | -0.424 |
| KKR | 2 | 0 | 2 | 0 | 0 | -1.964 |
| CSK | 3 | 0 | 3 | 0 | 0 | -2.517 |

# ચેન્નાઈની RCB સામે કારમી હાર

**આરસીબીએ** આપેલા 251 રનના લક્ષ્યાંક સામે ચેન્નાઈની ટીમ 207 રનમાં ઓલઆઉટ થઈ



બેંગલુરુ, તા. 5 (પીટીઆઈ): ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાયેલી IPL મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ શાનદાર પ્રદર્શન કરતા ચેન્નાઈ સુપર કિંગ્સને 43 રને હરાવ્યું હતું.

દેવદત્ત પડિક્કલ, ફિલ સોલ્ટ, રજત પાટીદાર અને ટિમ ડેવિડની આક્રમક બેટિંગની મદદથી આરસીબીએ 3 વિકેટે 250 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. 251 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ 19.4 ઓવરમાં 207 રને ઓલઆઉટ થઈ હતી.

ચેન્નાઈની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. સંજુ સેમસન, ઋતુરાજ ગાયકવાડ અને આયુષ મ્હાત્રે માત્ર 30 રનના સ્કોર પર પેવેલિયન ભેગા થયા હતા. મધ્યક્રમમાં સરફરાઝ ખાને 25 બોલમાં 50 રન બનાવી સંઘર્ષ કર્યો હતો, પરંતુ તે પૂરતો નહોતો.

| રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સોલ્ટ કો નૂર બો દુબે | 46 | 30 | 3 | 2 |
| કોહલી કો દુબે બો કંબોજ | 28 | 18 | 2 | 1 |
| પડીક્લ બો ઓવરટન | 50 | 29 | 5 | 2 |
| રજત પાટીદાર અણનમ | 48 | 19 | 1 | 6 |
| ટીમ ડેવિડ અણનમ | 70 | 25 | 3 | 8 |
| વધારાના | 8 | | | |
| કુલ 20 ઓવરમાં 3 વિકેટે | 250 રન | | | |

**વિકેટ પતન:** 1-37, 2-93, 3-151

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ખલીલ અહેમદ | 4 | 0 | 37 | 0 |
| મેટ હેનરી | 3 | 0 | 36 | 0 |
| અંશુલ કંબોજ | 4 | 0 | 52 | 1 |
| નૂર અહેમદ | 4 | 0 | 49 | 0 |
| જેમી ઓવરટન | 3 | 0 | 42 | 1 |
| શિવમ દુબે | 2 | 0 | 30 | 1 |

| ચેન્નાઈ સુપર કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સેમસન કો પડીક્કલ બો ડફી | 9 | 5 | 0 | 1 |
| ગાયકવાડ કો પડીક્કલ બો ડફી | 7 | 3 | 0 | 1 |
| આયુષ કો પાટીદાર બો ભુવનેશ્વ્ર | 1 | 3 | 0 | 0 |
| સરફરાઝ સ્ટ. બો પંડ્યા | 50 | 25 | 8 | 2 |
| કાર્તિક કો અભિનંદન બો પંડ્યા | 6 | 3 | 0 | 1 |
| શિવમ કો શર્મા બો અભિનંદન | 18 | 13 | 2 | 1 |
| પ્રશાંત કો પાટીદાર બો ભુવનેશ્વર | 43 | 29 | 6 | 1 |
| ઓવરટન કો બેથેલ બો સુયશ | 37 | 16 | 4 | 2 |
| અંશુલ અણનમ | 19 | 12 | 1 | 1 |
| નૂર કો કોહલી બો કુમાર | 8 | 8 | 0 | 1 |
| મેટ હેનરી કો સોલ્ટ બો અભિનંદન | 2 | 3 | 0 | 0 |
| વધારાના | 7 | | | |
| કુલ 19.4 ઓવરમાં 10 વિકેટે | 207 રન | | | |

**વિકેટ પતન:** 1-9, 2-10, 3-30, 4-77, 5-84, 6-108, 7-165, 8-178, 9-190, 10-207

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જેકબ ડફી | 4 | 0 | 58 | 2 |
| ભુવનેશ્વર કુમાર | 4 | 0 | 41 | 3 |
| અભિનંદન સિંહ | 3.4 | 0 | 30 | 2 |
| કૃણાલ પંડ્યા | 3 | 0 | 36 | 2 |
| સુયશ શર્મા | 4 | 0 | 21 | 1 |
| રોમારિયો શેફર્ડ | 1 | 0 | 19 | 0 |

## ભુવનેશ્વર IPLમાં 200 વિકેટ લેનાર પ્રથમ ફાસ્ટ બોલર

ભુવનેશ્વરે CSK સામેની મેચમાં આયુષ મ્હાત્રેની વિકેટ લેતાની સાથે જ પોતાની 200 વિકેટ પૂરી કરી છે. આ માઈલસ્ટોન સુધી પહોંચનારો તે IPL ઈતિહાસનો પ્રથમ ફાસ્ટ બોલર અને યુઝવેન્દ્ર ચહલ પછીનો એકંદર બીજો બોલર બન્યો છે.

### IPLમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોપ 5 ઝડપી બોલરો

| બોલર | દેશ | વિકેટ | મેચ |
|---|---|---|---|
| ભુવનેશ્વર કુમાર | ભારત | 200 | 192 |
| જસપ્રીત બુમરાહ | ભારત | 183 | 147 |
| ડ્વેન બ્રાવો | વેસ્ટઈન્ડિઝ | 183 | 161 |
| લસિથ મલિંગા | શ્રીલંકા | 170 | 122 |
| હર્ષલ પટેલ | ભારત | 151 | 121 |

### IPLમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોપ 5 બોલરો

| ખેલાડી | વિકેટ | મેચ |
|---|---|---|
| યુઝવેન્દ્ર ચહલ | 224 | 176 |
| ભુવનેશ્વર કુમાર | 200 | 192 |
| સુનિલ નરિન | 193 | 191 |
| પીયૂષ ચાવલા | 192 | 192 |
| રવિચંદ્રન અશ્વિન | 187 | 221 |

## કોહલીએ રોહિત શર્માનો રેકોર્ડ તોડ્યો

ચેન્નાઈ સુપર કિંગ્સ સામે 18 બોલમાં 28 રન બનાવીને વિરાટ કોહલી હવે T20 ક્રિકેટમાં કોઈ એક ટીમ (CSK) સામે સૌથી વધુ 1,188 રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. આ મામલે તેણે રોહિત શર્માના 1161 રનના રેકોર્ડને પાછળ છોડી દીધો છે, રોહિતે કેકેઆર સામે આ રન બનાવ્યા છે.

### IPLમાં કોઇ એક ટીમ સામે સર્વાધિક રન કરનારા ખેલાડી

| ખેલાડી | ટીમ | હરીફ ટીમ | મેચ | રન |
|---|---|---|---|---|
| વિરાટ કોહલી | RCB | CSK | 37 | 1188 |
| રોહિત શર્મા | મુંબઇ-ડેક્કન | KKR | 36 | 1161 |
| વિરાટ કોહલી | RCB | PBKS | 36 | 1159 |
| વિરાટ કોહલી | RCB | DC | 32 | 1154 |
| ડેવિડ વોર્નર | DC-SRH | PBKS | 26 | 1134 |

# હૈદરાબાદ સામે લખનૌ સુપર જાયન્ટ્સની રોમાંચક જીત

**શમીની** ધારદાર બોલિંગ અને પંતની અડધી સદી

**હૈદરાબાદે** આપેલા 157 રનના લક્ષ્યાંકને લખનૌએ 19.5 ઓવરમાં મેળવ્યો



હૈદરાબાદ, તા. 5 (પીટીઆઈ): રવિવારે રમાયેલી આઈપીએલ મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) એ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) ને 5 વિકેટે હરાવીને સિઝનની પ્રથમ જીતનું ખાતું ખોલ્યું છે.

આ જીતના મુખ્ય હીરો 35 વર્ષીય અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમી અને કેપ્ટન ઋષભ પંત રહ્યા હતા. શમીએ શાનદાર સ્પેલ ફેંકતા 4 ઓવરમાં માત્ર 9 રન આપીને 2 વિકેટ ઝડપી હતી. તેણે આ દરમિયાન કુલ 18 ડોટ બોલ ફેંક્યા હતા, જેના કારણે હૈદરાબાદની ટીમ 20 ઓવરમાં 9 વિકેટે 156 રન જ બનાવી શકી હતી. શમીએ પાવરપ્લેમાં જ અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડની ખતરનાક જોડીને આઉટ કરીને હૈદરાબાદને મુશ્કેલીમાં મૂકી દીધું હતું.

157 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી લખનૌની શરૂઆત ધીમી રહી હતી, પરંતુ એડન માર્કરામના 45 રન અને કેપ્ટન ઋષભ પંતના અણનમ 68 રનની મદદથી ટીમે એક બોલ બાકી રહેતા લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. અંતિમ ઓવરમાં જીતવા માટે 9 રનની જરૂર હતી ત્યારે પંતે જયદેવ ઉનડકટને સળંગ ચોગ્ગા ફટકારીને મેચ ખતમ કરી હતી.

આ પહેલાં હૈદરાબાદ તરફથી હેનરિક ક્લાસેન (62 રન) અને નીતિશ કુમાર રેડ્ડી (56 રન) એ પાંચમી વિકેટ માટે 116 રનની વિક્રમી ભાગીદારી કરી હતી, પરંતુ અન્ય બેટરો નિષ્ફળ રહેતા ટીમ મોટો સ્કોર બનાવી શકી ન હતી. હૈદરાબાદે અંતિમ 2.2 ઓવરમાં માત્ર 14 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી, જે તેમની હારનું મુખ્ય કારણ બન્યું હતું.

## શમીની IPLમાં બીજી સૌથી કરકસરયુક્ત બોલિંગ

હૈદરાબાદ સામેની મેચમાં મોહમ્મદ શમીએ 4 ઓવરમાં માત્ર 9 રન આપીને 2 વિકેટ ઝડપી હતી. આ પ્રદર્શન સાથે તેણે IPL ઈતિહાસના સૌથી વધુ 'ઈકોનોમિકલ' (કરકસરભર્યા) 4 ઓવરના સ્પેલની યાદીમાં સ્થાન મેળવ્યું છે.

### IPLના સૌથી કરકસરયુક્ત 4 ઓવરના સ્પેલ

| ખેલાડી (ટીમ) | સ્પેલ | વિરોધી ટીમ | વર્ષ |
|---|---|---|---|
| લસિથ મલિંગા (MI) | 4-0-9-3 | દિલ્હી ડેરડેવિલ્સ | 2009 |
| મોહમ્મદ શમી (LSG) | 4-0-9-2 | હૈદરાબાદ | 2026 |
| આશિષ નેહરા (DD) | 4-0-9-1 | કિંગ્સ 11 પંજાબ | 2009 |
| હરભજન સિંઘ (MI) | 4-0-9-1 | પંજાબ | 2009 |
| ફિડેલ એડવર્ડ્સ (DC) | 4-0-10-1 | કોલકાતા | 2009 |

» 2023થી અત્યાર સુધીમાં શમીએ પાવરપ્લેમાં 25 વિકેટ ઝડપી છે, જે ભુવનેશ્વર કુમાર સાથે સંયુક્ત રીતે કોઈ પણ ભારતીય દ્વારા સૌથી વધુ છે. આ યાદીમાં માત્ર ટ્રેન્ટ બોલ્ટ (32 વિકેટ) તેનાથી આગળ છે.

| સનરાઈઝર્સ હૈદરાબાદ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| હેડ કો માર્કરમ બો શમી | 7 | 8 | 1 | 0 |
| અભિષેક કો સિદ્ધાર્થ બો શમી | 0 | 2 | 0 | 0 |
| ઈશાન બો પ્રિન્સ 1 | 4 | 0 | 0 | |
| લિવિંગ્ટોન કો પંત બો રાઠી | 14 | 20 | 0 | 1 |
| ક્લાસેન કો પંત બો આવેશ | 62 | 41 | 5 | 2 |
| નીતીશ કો પ્રિન્સ બો સિદ્ધાર્થ | 56 | 33 | 3 | 5 |
| અનિકેત વર્મા અણનમ | 2 | 5 | 0 | 0 |
| હર્ષ દુબે બો આવેશ | 0 | 1 | 0 | 0 |
| શિવાંગ બો પ્રિન્સ | 5 | 4 | 1 | 0 |
| હર્ષલ પટેલ રન આઉટ | 4 | 2 | 1 | 0 |
| વધારાના | 5 | | | |
| કુલ 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવી | 156 રન | | | |

**વિકેટ પતન:** 1-1, 2-8, 3-11, 4-26, 5-142, 6-144, 7-144, 8-151, 9-156

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મોહમ્મદ શમી | 4 | 0 | 9 | 2 |
| દિગ્વેશ રાઠી | 4 | 0 | 46 | 1 |
| પ્રિન્સ યાદવ | 4 | 0 | 34 | 2 |
| મનીમારાન સિદ્ધાર્થ | 4 | 0 | 29 | 1 |
| આવેશ ખાન | 4 | 0 | 36 | 2 |

| લખનઉ સુપર જાયન્ટ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| એડેન માર્કરમ કો લિવિંગટોન બો શિવાંગ | 45 | 27 | 44 | 6 |
| મિચેલ માર્શ કો નીતીશ બો મલિંગા | 14 | 12 | 18 | 2 |
| ઋષભ પંત અણનમ | 68 | 50 | 9 | 0 |
| આયુષ સ્ટ. ઈશાન બો દુબે | 12 | 9 | 1 | 0 |
| નિકોલસ પુરન રન આઉટ | 1 | 4 | 0 | 0 |
| અબ્દુલ કો લિવિંગટોન બો દુબે | 16 | 12 | 2 | 0 |
| મુકલ ચૌધરી અણનમ | 5 | 14 | 0 | 0 |
| 40.00 | | | | |
| વધારાના | 2 | | | |
| કુલ 19.5 ઓવરમાં 5 વિકેટે | 160 રન | | | |

**વિકેટ પતન:** 1-37, 2-77, 3-102, 4-105, 5-139

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| હર્ષ દુબે | 4 | 0 | 18 | 2 |
| નીતીશ રેડ્ડી | 1 | 0 | 14 | 0 |
| જયદેવ ઉનડકટ | 3.5 | 0 | 50 | 0 |
| એશાન મલિંગા | 4 | 0 | 30 | 1 |
| હર્ષલ પટેલ 3 | 0 | 16 | 0 | |
| શિવાંગ કુમાર | 4 | 0 | 30 | 1 |

## એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપ

# મીનાક્ષી અને જેસ્મીન સેમીફાઈનલમાં પહોંચતા ભારત માટે મેડલ પાક્કા



**ભારતીય** મહિલા બોક્સિંગ ટીમની તમામ ખેલાડીઓ મેડલ જીતશે તે પાક્કુ થઈ ગયું છે

**પુરુષોના** વિભાગમાં કુલ 6 ભારતીય બોક્સરો સેમીફાઈનલમાં

ઉલાનબાતાર (મોંગોલિયા), તા. 5 (પીટીઆઈ): એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં રવિવારે ભારતીય બોક્સરોએ શાનદાર પ્રદર્શન કરતા સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે. વર્લ્ડ ચેમ્પિયન મીનાક્ષી હુડા અને જેસ્મીન લેમ્બોરિયાએ પોતપોતાની કેટેગરીમાં વિજય મેળવીને ભારત માટે મેડલ નિશ્ચિત કર્યા છે. આ જીત સાથે ભારતીય મહિલા બોક્સિંગ ટીમની તમામ ખેલાડીઓ પોડિયમ ફિનિશ (મેડલ) કરશે તે નક્કી થઈ ગયું છે. મહિલાઓના 48 કિલો ગ્રુપમાં મીનાક્ષીએ જાપાનની યુકા સાદામાત્સુને 5-0થી એકતરફી હાર આપી હતી. જ્યારે 57 કિલો વિભાગમાં જેસ્મીને ચીનની ઝીયી ચેન સામે 5-0થી પ્રભાવશાળી જીત મેળવી હતી. પુરુષોના વિભાગમાં પણ ભારતે મજબૂત પકડ જાળવી રાખી છે. લોકેશ (85 કિલો), આકાશ (75 કિલો) અને હર્ષ ચૌધરીએ (90 કિલો) પોતપોતાની ફાઈટ જીતીને સેમીફાઈનલમાં સ્થાન બનાવ્યું છે. લોકેશે કોરિયાના ગીચે કીમને 5-0 થી, આકાશે તુર્કમેનિસ્તાનના ખેલાડીને 5-0થી અને હર્ષે કિર્ગિઝ રિપબ્લિકના બોક્સરને હરાવ્યો હતો. જોકે, અંકુશને (80 કિલો) જોર્ડનના હુસૈન સામે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે પુરુષોના વિભાગમાં કુલ 6 ભારતીય બોક્સરો સેમીફાઈનલમાં પહોંચ્યા છે.



## ઈન્ટરનેશનલ સિરીઝમાં કરનદીપનું શાનદાર પ્રદર્શન: પાંચમું સ્થાન મેળવ્યું

ચિબા, તા. 5 (પીટીઆઈ): ભારતીય ગોલ્ફર કરનદીપ કોચરે રવિવારે ઈન્ટરનેશનલ સિરીઝમાં પોતાની કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા સંયુક્ત રીતે 5મું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ચોથા રાઉન્ડમાં બર્ડીઝની હેટ્રીક ફટકારીને કોચરે 4-અંડર 67નો સ્કોર કાર્ડ રજૂ કર્યો હતો. આ વર્ષે એશિયન ટૂરની 3 ટુર્નામેન્ટમાં આ તેનું બીજું ટોપ-5 ફિનિશ છે. કોચરે આ અઠવાડિયે કુલ 12-અંડર પાર (67-65-73-65) નો સ્કોર કર્યો હતો. આ શાનદાર પ્રદર્શન બદલ તેને 74,300 ડોલર (આશરે રૂ. 62 લાખ)ની ઈનામી રકમ મળી છે, જે તેની કારકિર્દીની બીજી સૌથી મોટી કમાણી છે. બીજી તરફ, અનુભવી ગોલ્ફર જીવ મિલ્ખા સિંઘ 6-ઓવર પારના સ્કોર સાથે 70માં ક્રમે રહ્યા હતા. ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ સ્મિથે 15-અંડર પારના કુલ સ્કોર સાથે આ ખિતાબ જીતી લીધો છે. આ જીત સાથે સ્મિથ એશિયન ટૂર ઓર્ડર ઓફ મેરિટમાં ટોચના સ્થાને પહોંચી ગયો છે, જ્યારે કરનદીપ કોચર હવે આ યાદીમાં 5માં સ્થાને આવી ગયો છે. કોચરે અગાઉ 2025ના અંતમાં દુબઈમાં આઈજીપીએલ ઈવેન્ટ પણ જીતી હતી.

# FA કપ ક્વાર્ટર ફાઈનલ: આર્સનલની નબળી ટીમ સામે ચોંકાવનારી હાર

**હાલેન્ડે** હેટ્રીક ફટકારતા માન્ચેસ્ટર સિટીનો લિવરપુલ પર ભવ્ય વિજય



લંડન, તા. 5 (એપી): રવિવારે રમાયેલી FA કપની ક્વાર્ટર ફાઈનલ મેચોમાં મોટા ઉલટફેર જોવા મળ્યા હતા. પ્રીમિયર લીગમાં ટોચનું સ્થાન ધરાવતી આર્સનલ ટીમને તેના કરતા નબળી ટીમ સાઉધમ્પ્ટને 2-1થી હરાવીને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દીધી છે. આર્સનલ વતી ગ્યોકરેસે 68મી મિનિટે ગોલ કરીને સ્કોર સરભર કર્યો હતો, પરંતુ 85મી મિનિટે સાઉધમ્પ્ટનના શે ચાર્લ્સે ગોલ ફટકારીને આર્સનલનું ટ્રોફી જીતવાનું સપનું તોડી નાખ્યું હતું.

બીજી બાજુ, માન્ચેસ્ટર સિટીએ લિવરપૂલને 4-0થી કચડી નાખીને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે. સિટીના સ્ટાર સ્ટ્રાઈકર એર્લિંગ હાલેન્ડે માત્ર 18 મિનિટમાં શાનદાર હેટ્રિક (સીઝનની પ્રથમ અને ક્લબ માટે 12મી) ફટકારીને લિવરપૂલને બેકફૂટ પર ધકેલી દીધું હતું. લિવરપૂલના મોહમ્મદ સલાહ પેનલ્ટી પર ગોલ કરવામાં નિષ્ફળ રહ્યો હતો, જે ટીમને ભારે પડ્યું હતું. આ સાથે સિટી સતત 8મી વખત FA કપની સેમીફાઈનલમાં પહોંચનારી પ્રથમ ટીમ બની છે. અન્ય એક મેચમાં ચેલ્સિયાએ પોર્ટ વેલને 7-0ના વિશાળ અંતરથી હરાવીને સેમીફાઈનલમાં પોતાની જગ્યા પાકી કરી લીધી છે. હવે રવિવારે વેસ્ટ હેમ અને લીડ્સ વચ્ચેની મેચ બાદ સેમીફાઈનલનો ડ્રો જાહેર થશે.

# મેસી અને સુઆરેઝનો જાદુ: ઈન્ટર મિયામીના નવા સ્ટેડિયમમાં પ્રથમ મેચ રોમાંચક ડ્રો



મિયામી, તા. 5 (એપી): લિયોનેલ મેસીએ તેના નવા હોમ સ્ટેડિયમના ઉદ્ઘાટન પ્રસંગે ગોલ કરીને ચાહકોને ખુશ કરી દીધા હતા, પરંતુ ઈન્ટર મિયામી આ મેચ જીતી શકી નહીં. ઓસ્ટિન FC સામેની આ ઐતિહાસિક મેચ 2-2થી ડ્રોમાં પરિણમી હતી.

મેસીએ 10મી મિનિટે હેડર દ્વારા શાનદાર ગોલ કરીને ટીમને મજબૂતી આપી હતી, જ્યારે લુઈસ સુઆરેઝે 82મી મિનિટે વોલી શૉટ દ્વારા ગોલ ફટકારીને સ્કોર સરભર કર્યો હતો.

મિયામી ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે બની રહેલા આ નવા સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ મેચમાં ઓસ્ટિન FCએ મજબૂત લડત આપી હતી. ઓસ્ટિન તરફથી ગિલ્હર્મે બિરો અને જયડેન નેલ્સને ગોલ કરીને એક સમયે 2-1થી લીડ મેળવી લીધી હતી. જોકે, સુઆરેઝના ગોલ બાદ સ્કોર 2-2 થયો હતો અને મેસી પાસે અંતિમ મિનિટોમાં જીત અપાવવાની તક હતી, પરંતુ વિરોધી ટીમના ગોલકીપર બ્રાડ સ્ટુવરે શાનદાર બચાવ કર્યો હતો. ઈન્ટર મિયામી અત્યારે MLS માં છેલ્લા 5 મેચથી અજેય છે.

# ફોર્મમાં રહેલી પંજાબ કિંગ્સ સામે KKRની આકરી કસોટી

**જે KKRને** શ્રેયસે એક સમયે ચેમ્પિયન બનાવ્યું હતું તેની સામે જ તે આજે પડકાર ફેંકશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી



કોલકાતા, તા. 5 (પીટીઆઈ): સતત હાર અને નબળી વ્યૂહરચનાના કારણે મુશ્કેલીમાં મુકાયેલી કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સોમવારે ઈડન ગાર્ડન્સ ખાતે ફોર્મમાં રહેલી પંજાબ કિંગ્સ (PBKS) સામે ટકરાશે. 3 વખતની ચેમ્પિયન KKR માટે આ સિઝનની શરૂઆત અત્યંત ખરાબ રહી છે. મુસ્તફિઝુર રહેમાન અને હર્ષિત રાણા જેવા મુખ્ય બોલરોની ગેરહાજરી ટીમને નડી રહી છે. 2024માં ટીમને ચેમ્પિયન બનાવનાર શ્રેયસ અય્યરને રિટેન ન કરવાનો નિર્ણય KKR માટે ભારે પડી રહ્યો છે. શ્રેયસ અય્યરે પંજાબ કિંગ્સને 2025માં રનર્સ-અપ બનાવી પોતાની ક્ષમતા સાબિત કરી છે. બીજી તરફ, KKRએ અજિંક્ય રહાણેને કેપ્ટન બનાવ્યો છે, જે ટી-20 ફોર્મેટમાં સંઘર્ષ કરતો દેખાય છે. ટીમ પાસે ફિન એલન, ટિમ સીફર્ટ અને રચિન રવિન્દ્ર જેવા ન્યૂઝીલેન્ડના શાનદાર ખેલાડીઓ હોવા છતાં તેમનો યોગ્ય ઉપયોગ કરવામાં KKR નિષ્ફળ રહ્યું છે.બીજી બાજુ શ્રેયસ અય્યરના નેતૃત્વમાં પંજાબ અત્યાર સુધીની બંને મેચ જીતી ચૂક્યું છે. યુવા ખેલાડી કૂપર કોનોલીએ 2 મેચમાં 108 રન બનાવી પ્રભાવિત કર્યા છે, જ્યારે પ્રિયાંશ આર્યા અને પ્રભસિમરન સિંહ વિસ્ફોટક શરૂઆત અપાવી રહ્યા છે. અર્શદીપ સિંહ અને યુઝવેન્દ્ર ચહલની હાજરીથી પંજાબનું બોલિંગ આક્રમણ પણ સંતુલિત લાગે છે.

### KKR માટે વરસાદ બની શકે છે વિલન

સોમવારે પંજાબ કિંગ્સ સામેની મેચમાં KKRની મુશ્કેલી વધારી શકે છે 'કાલબૈશાખી' વાવાઝોડું અને વરસાદ. હવામાન વિભાગ મુજબ, ભારે વરસાદને કારણે મેચ ટૂંકી થઈ શકે છે અથવા રદ પણ થઈ શકે છે. જો રાત્રે 10:56 સુધીમાં રમત શરૂ ન થાય, તો બંને ટીમોએ 1-1 પોઈન્ટ વહેંચવો પડશે, જે KKR માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

# કેમરન ગ્રીન ટૂંક સમયમાં બોલિંગમાં પરત ફરશે

કોલકાતા, તા. 5 (પીટીઆઈ): IPL 2026ની સૌથી મોંઘો વિદેશી ખેલાડી (રૂ. 25.20 કરોડ) કેમરન ગ્રીન ટૂંક સમયમાં બોલિંગ કરતો જોવા મળી શકે છે. KKRના બોલિંગ કોચ ટિમ સાઉધીએ રવિવારે જણાવ્યું કે ગ્રીને નેટ્સમાં બોલિંગ શરૂ કરી દીધી છે અને તે આઈપીએલ મેચમાં બોલિંગ કરવાથી 'વધારે દૂર નથી'. પીઠની સર્જરી બાદ ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તેના વર્કલોડ પર નજર રાખી રહ્યું હોવાથી તે અત્યાર સુધી માત્ર બેટર તરીકે રમ્યો હતો.

KKR માટે આ રાહતના સમાચાર છે, કારણ કે મુસ્તફિઝુર રહેમાન અને હર્ષિત રાણા જેવા મુખ્ય બોલરોની ગેરહાજરીમાં ટીમનો પેસ એટેક ઘણો નબળો જણાય છે. પ્રથમ બે મેચમાં હારનો સામનો કરનાર કોલકાતા માટે ગ્રીનની બોલિંગ ટીમમાં સંતુલન લાવશે. સાઉધીએ વધુમાં ઉમેર્યું કે ટીમમાં રચિન રવિન્દ્ર અને રોવમેન પોવેલ જેવા ઘણા પ્રતિભાશાળી ખેલાડીઓ છે, પરંતુ વિરોધી ટીમ અને પરિસ્થિતિ મુજબ શ્રેષ્ઠ પ્લેઈંગ ઈલેવન પસંદ કરવી પડકારજનક હોય છે. ટીમને આશા છે કે પંજાબ કિંગ્સ સામેની આગામી મેચમાં બોલરો પાવરપ્લેમાં વિકેટ ઝડપીને લય પાછી મેળવશે.

## સુડોકુ ૭૨૪૬ - 'ક્લુ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | | | ૬ | ૭ | | | |
| ૯ | | | | | | ૬ | | |
| | ૮ | | | | | ૪ | | |
| | | | | | | ૩ | | ૫ |
| ૪ | ૩ | ૫ | | ૭ | ૬ | ૨ | | |
| ૨ | | ૮ | ૫ | | ૩ | ૭ | | ૬ |
| ૩ | ૪ | | | | | | | ૭ |
| | | ૧ | ૭ | ૩ | ૯ | | | ૪ |
| | | ૨ | | | ૮ | ૧ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઉનાળાનું અમૃત

ઉનાળાનું બીજું અમૃત કાચી કેરીનો બાફલો, ૨/૪ ગ્લાસ પીવો તો ગરમીનો દૂર થાય કાફલો.

## આજનું પંચાંગ

**તા. 06/04/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીક્રમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** વદ: ચોથ: 14:11
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 16
**યોગ :** સિધ્ધિ **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** અનુરાધા: 26:57 પછી જન્મેલાની જ્યેષ્ઠાની શાંતિ કરાવવી
**રાશિ:** વૃશ્ચિક (ન,ય) **દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 06:29 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:53
**નવકારસી :** 07:17
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 25મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 17મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ,
**રાહુ કાળ :** સવારે:- 07:30 થી 09:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** આત્મવિશ્વાસ ઉપર કાબૂ રાખવો. નોકરચાકરથી નુકસાન થઈ શકે છે. અચાનક નવી તક મળે. જૂનાં દર્દો પરેશાન.

**વૃષભ (બ,વ,ઉ,):** ઘર, પરિવારમાં માન વધે. સમાજમાં યશ મળે. રોજના કામમાં પ્રગતિ અને આવક વધશે. મન પ્રફુલ્લિત રહે.

**મિથુન (ક,છ,ઘ,):** હરીફો અને હિત શત્રુઓ પર ભારે પડશો. સાહસિક અને નિડર નિર્ણયથી લાભ થાય. નોકરીમાં પ્રગતિ થાય.

**કર્ક (ડ,હ,):** નવા રોકાણથી લાભ થાય. રંગીન અને રોમેન્ટીક મુલાકાત થાય. પરિવારમાં ઉત્સવ રહે. પ્રેમમાં પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ,):** શુભ સમાચાર મળે. ઘરમાં અવર-જવરથી અશાંતિ પેદા થાય. બહારના કામમાં અનુકૂળતા વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** કાયદા બાબતે સભાન રહેવું. અચાનક અડચણો આવશે. વધુ પડતા આત્મવિશ્વાસ પર કાબૂ રાખવો.

**તુલા (ર,ત,):** આંખની કાળજી રાખવી. ઘરમાં શુભ સમાચારથી ખુશી વધે. ઉઘરાણી આવે. ખાણી-પીણીના ધંધામાં.

**વૃશ્ચિક (ન,ય,):** પડવા-વાગવાથી સાવધાન. ખાવા-પીવા પર કાબૂ ગુપ્ત ભય સતાવે. ધર્મ-કર્મથી શાંતિ મળે. ખર્ચા વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** વિદેશ કે પ્રવાસને લગતાં કામમાં પ્રગતિ થાય. સમાજ સેવામાં યશ મળે. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવુ.

**મકર (ખ,જ,):** ઊચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. સંતાનોનાં કામ થાય. આવક વધારવાની તક મળે. નવા રોકાણ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વેપારમાં પ્રગતિ થાય. નવી યોજના પાર પડે. નોકરીમાં પ્રમોશન કે નવી જવાબદારીથી પ્રભાવ વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ધર્મ-કર્મ થાય. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. અચાનક નવી તકથી લાભ થાય. મિત્રોનો સાથ મળે.

### કોઈ પણ સાલમાં 06 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં પ્રમોશન સાથે જવાબદારી વધે. ધંધામાં નવી તક અને નવી યોજનાથી પ્રગતિ થાય. પણ હરીફો વધશે. સમાજ-પરિવારમાં માન વધે. નવી જવાબદારી નિભાવવી પડે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણી અટકશે. આરોગ્ય સામાન્ય રહે. નોકરી-વ્યવસાય ધંધામાં ટેકનોલોજીનો ઉપયોગ લાભ કર્તા રહેશે. શિક્ષણ અને સંતાનોના કેરીયરમાં પ્રગતિ થાય. વધારાની આવક માટે નવી યોજનામાં મિત્રોનો સાથ મળે. વડીલોની મદદ, સામાજીક વારસા, જાયદાદ, કાયદાકીય બાબતે મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે. ઉંમરલાયકના વિવાહ થાય. યાત્રા-પ્રવાસ ધર્મ- કર્મથી શાંતિ મળે. પ્રેમ વિવાહમાં ઉતાવળ કરવી નહી. એપ્રિલ, મે તથા સપ્ટેમ્બર ડિસેમ્બર, શુક્ર-શનિ તથા 6,15,24 તારીખે નવા કામ કરવા, સફેદ અને ચમકીલો રંગ ઉપયોગમાં લેતા રહેવું. જુલાઈ-ઓગસ્ટ, બુધવાર, 1,10,19 28 તારીખે નવાં કામ કરવા નહી. ભૂરો અને ગ્રે રંગ ઓછો ઉપયોગમાં લેવો


સુપરડુપર હીટ, જબરજસ્ત ફુલ એક્શન



ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

૧૨.૦૦, ૧૨.૪૦, ૪.૦૦, ૬.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS

ગોપીતળાવ નવસારી બજાર, સુરત



સુપરડુપર હીટ, જબરજસ્ત ફુલ એક્શન

ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૪૫, ૪.૧૫, ૫.૧૫, ૭.૦૦, રાત્રે ૮.૩૦, ૯.૩૦

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA

ફ્રી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.

★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

: 99984 46007

: @applecinemasurat

Book Tickets Now from : bookmyshow.com paytm

ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

ફુલ એક્શન



ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત

૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૦૦, ૧.૦૦, ૧.૨૫, ૨.૧૫, ૨.૪૫, ૩.૧૫, ૪.૦૦, ૪.૩૦, ૫.૧૫, ૫.૪૫, ૬.૩૦, ૭.૦૦, રાત્રે ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦

2D હિન્દી



The Super Mario Galaxy Movie

૯.૨૦, ૧૧.૦૦, ૧.૫૦, ૬.૧૦, રાત્રે ૮.૨૦

સુપરહીટ



ધ કેરળ સ્ટોરી-2

૯.૩૦, ૧૧.૩૦, ૩.૫૦, ૭.૩૦, રાત્રે ૧૦.૦૦